# ચેરિટીઓ (ધર્માદા સંસ્થાઓ) માટે કામ કરતાં સ્વયંસેવકો (વોલન્ટીયરો)ને પણ હેલ્થ એન્ડ સેફ્ટીનો કાયદો લાગુ પડે છે? (Does Health and Safety legislation apply to volunteers working for charities?)

જ્યાં કોઈ પણ સંસ્થામાં ઓછામાં ઓછી એક વ્યક્તિ પગારદાર કામદાર તરીકે કામ કરતી હોય, ત્યાં એચ.એસ.ડબલ્યુ. એક્ટ અને તેની હેઠળ બનાવવામાં આવેલા રેગ્યુલેશનો હેઠળ તે સંસ્થાને 'એમ્પ્લોયર' તરીકે ગણવામાં આવે છે.

મેનેજમેન્ટ ઓફ હેલ્થ એન્ડ સેફ્ટી એટ વર્ક રેગ્યુલેશન્સ (ISBN 0717624242 - એચ.એસ.ઈ. બુક્સ પાસેથી મળી શકે છે) એમ્પ્લોયરો અને સેલ્ફ-એમ્પ્લોઈડ લોકો બંને ઉપર, કામદારો અને હાથ ધરવામાં આવી રહેલી કામની પ્રવૃત્તિઓથી કદાચ અસર થઈ શકે તેવાં બીજાં કોઈ પણ લોકો (દા.ત. સ્વેચ્છાએ કામ કરતાં કાર્યકરો, ગ્રાહકો અને કસ્ટમરો) ઉપરનાં જોખમોનું મૂલ્યાંકન કરવા માટેની ફરજ મૂકે છે. આ મૂલ્યાંકનના પરિણામે, ઓળખવામાં આવેલાં જોખમો જો હાલમાં યોગ્ય રીતે કાબૂમાં રાખવામાં ન આવતાં હોય, તો તે ઓછાં કરવા માટેનાં યોગ્ય સુરક્ષાત્મક અને રોકથામનાં પગલાં લેવામાં આવાં જરૂરી છે. અહીં જણાવવામાં આવેલા કેટલાક રેગ્યુલેશનો, અમુક સંજોગોમાં અથવા અમુક ચોક્કસ પ્રકારની પ્રવૃત્તિઓ કરતી વખતે લેવાં જરૂરી છે એવાં સુરક્ષાત્મક અને રોકથામનાં પગલાં લેવાંનું બાદમાં વર્ણન કરે છે.

સામાન્યતઃ, સ્વેચ્છાએ કામ કરતાં કાર્યકરો ઉપર પણ આરોગ્ય અને સુરક્ષાનાં એક સરખાં જ ધોરણો લાગુ પડવાં જોઈએ, જે તેમના જેવાં જ જોખમોનો સામનો કરતાં કામદારો ઉપર લાગુ પડતાં હોય. પરંતુ, જો જોખમનું મૂલ્યાંકન બતાવે કે સ્વેચ્છાએ કામ કરતાં કાર્યકરો ઉપરનાં જોખમો જુદાં પ્રકારનાં છે, તો લેવામાં આવતાં સુરક્ષાત્મક અને રોકથામનાં પગલાં તે જુદા પ્રકારનાં જોખમ અનુસારનાં હોવાં જોઈએ.
એચ.એસ.ઈ. માને છે કે જે કોઈ એમ્પ્લોયર/કામદાર વચ્ચેના સંબંધમાં પૂરું પાડવામાં આવતું હોય એટલા જ સરખા સ્તરનું આરોગ્ય અને સુરક્ષાનું રક્ષણ સ્વયંસેવકોને પણ પૂરું પાડવાની પદ્ધતિ સારી છે, પછી તેમાં કોઈ સખત કાનૂની ફરજો હોય કે નહિ.

એચ.એસ.ઈ.એ આ માર્ગદર્શક પ્રકાશન બહાર પાડ્યું છે, HSG192, Charity and voluntary workers : a guide to health and safety at work, (ISBN 0717624242 - એચ.એસ.ઈ. બુક્સ પાસેથી મળી શકે છે).